**વડીલોને વંદન**

**અભિનંદન**

આજે જન્મદિવસ



ઈસાબેન જેઠાલાલ પટેલ
(૧૯૩૩) ફોન : ૨૩૨ ૨૮૯૯૩

# ઉમેદવારને ટીકીટ આપતાં પહેલાં જ્ઞાતિ અને સમાજમાં વર્ચસ્વ જોવાશે

## ૪૦ બેઠકો એવી છે કે જ્યાં ફરજીયાત ઉમેદવારો બદલવા પડે તેમ છે

## ભાજપ અને કોંગ્રેસમાં યુવા અને મહિલા ઉમેદવારોનું પ્રભુત્વ રહેશે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૮

ઉત્તરપ્રદેશ હોય કે ગુજરાત દેશના કોઈપણ રાજ્યમાં ચૂંટણી સમયે જ્ઞાતિવાદને કોઈપણ રાજકીય પક્ષ અવગણી શકે તેમ નથી. નવા સિમાંકના કારણે આ વખતની ચૂંટણીમાં બદલાયેલા મત વિસ્તારની સાથે ઉમેદવારની જ્ઞાતિ અને તેમનું સમાજમાં વર્ચસ્વ પસંદગીનો મુખ્ય ગુણ બની રહેશે.

ભારતના ચૂંટણી પંચે તારીખ જાહેર કરતાંની સાથે જ બન્ને મુખ્ય પક્ષોમાં ઉમેદવાર પસંદગીની પ્રક્રિયાએ જોર પકડ્યું છે. કોંગ્રેસની ટીકીટો પસંદ કરવા હાઈકમાન્ડની મદદ માગવામાં આવી છે, તો ભાજપ હાઈકમાન્ડને સાથે રાખીને ઉમેદવાર પસંદ કરશે તેમ દેખાય છે. જો કે ભાજપના ઉમેદવારોમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કહે તેમને ટીકીટ મળી શકે છે, કારણ કે ઉમેદવારોને જીતાડવાની જવાબદારી ખુદ મોદી ઉપાડે છે.

૨૦૦૨ની ચૂંટણીમાં કેશુભાઈ પટેલ અને પાર્ટીના અન્ય પ્રદેશ નેતાઓએ તેમના ઉમેદવારો અંગે ભલામણ કરી હતી પરંતુ ૨૦૦૭માં માત્ર મોદીએ પસંદ કરેલા ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. ૨૦૧૨માં તો કેશુભાઈ પાર્ટીમાં નથી, અને બીજા કોઈ પ્રદેશ નેતાની હિંમત નથી કે ટેકેદારને ટીકીટ આપવા ભલામણ કરી શકે.

**કેશુભાઈ પટેલને વધારે મહેનત કરવાની નથી કારણ કે ભાજપ જેમને ટીકીટ નહીં આપે તેને ઓફર કરવા તૈયાર**

ઉમેદવાર પસંદગીમાં કેટલીક વાર પ્રદેશના નેતાઓ થાપ ખાઈ જતા હોય છે. ઉમેદવાર બનવાના ક્રાઈટેરિયા બદલાઈ ચૂક્યાં છે. બન્ને પાર્ટીઓએ યુવા અને મહિલા ઉમેદવારો ઉપર વિશેષ ભાર મૂકયો છે. એટલે કે આ વખતની વિધાનસભા યંગ બનશે.

હાલના ધારાસભ્યોની ટીકીટ કાપવાની પ્રક્રિયા ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષમાં થવાની સંભાવના છે અને આ કપાયેલા ઉમેદવારો કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટીમાં જોડાય તો નવાઈ પામવા જેવું નથી.

નિરમાના સિમેન્ટ પ્લાન્ટ સામે વિરોધ કરનાર ભાજપના મહુવાના ધારાસભ્ય કનુભાઈ કલસરિયા તેમની પાર્ટીમાંથી ઉભા રહેવાના છે. ભાજપ તરફથી ત્રણ વખત તેમને બોલાવવામાં આવ્યા પરંતુ તેઓ ભાજપની ટીકીટ ઉપર ચૂંટણી લડવા માગતા નથી. કોળી પટેલના અગ્રણી હોવાનો દાવો કરતાં પુરુષોત્તમ સોલંકી ૨૨ ટીકીટોની રટ લઈને બેઠાં છે, તેમના મતે ગુજરાતમાં ૩૨ બેઠકો એવી છે કે જેમાં કોળી પટેલ મતદારો નિર્ણાયક બને છે.

કોંગ્રેસમાં ટીકીટ માગવા માટે ત્રણ જૂથ ઉભા થયેલા છે. એક તો મૂળ કોંગ્રેસ છે. બીજું જનતાદળ ગુજરાત છે અને ત્રીજું શંકરસિંહ વાઘેલાનું જૂથ છે. કોંગ્રેસમાં જૂથબંધી ઘટી હોવાનું પ્રમાણે છેલ્લે માણસાની પેટાચૂંટણીમાં જોવા મળ્યું છે તેથી આ વખતે મોવડીમંડળ જૂથબંધીથી દૂર રહેવાની પ્રદેશ નેતાઓને વારંવાર અપીલ કરે છે.

ઉમેદવાર પસંદગીમાં એવું કહેવાય છે કે જીતી શકે તેવો ઉમેદવારો મૂકવામાં આવે છે. એ ઉપરાંત વિસ્તારમાં તેનું પ્રભુત્વ, શાખ, લોકપ્રિયતા, અભ્યાસ, ગુનાહિત રેકોર્ડ છે કે કેમ, લોકપ્રશ્નોને વાચા આપે છે કે નહીં, ચૂંટણી લડવા તેની પાસે ફંડ છે કે કેમ તેમજ સ્વચ્છ અને પ્રામાણિક પ્રતિષ્ઠા જેવા ગુણો જોવામાં આવે છે.

આ બધાં ગુણો યાદીમાં છેલ્લે આવે છે પરંતુ પહેલો નંબર જ્ઞાતિનો આવે છે. ગુજરાતની એવી ૪૦ બેઠકો છે કે જ્યાં હાલના ઉમેદવારોને ફરીથી ટીકીટ આપી શકાય તેમ નથી કારણ કે જ્ઞાતિવાર મતદારો બદલાઈ ચૂક્યાં છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઉત્તર ગુજરાતની રાધનપુર બેઠક ઉપર હવે ઠાકોર મતદારોનું પ્રભુત્વ રહેશે અને રાજકોટ-૨માં પટેલ મતદારો નિર્ણાયક બનશે.

## આજે બનાસકાંઠા, પાટણ-મહેસાણામાં વિવેકાનંદ યાત્રા

ગાંધીનગર, તા. ૮

ભાજપાની ૧૧ સપ્ટેમ્બરે પ્રારંભ થયેલી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા ૯ ઓક્ટોબરના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં જનસંપર્ક કરશે અને જાહેર સભાઓને સંબોધશે.

ભાજપાના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર રાજ્યમાં ભ્રમણ કરી રહેલી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ સહિત આગેવાનો જોડાશે.

વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાના ૯ ઓક્ટોબરના કાર્યક્રમોની વિગતો આપતા ભાજપાના મિડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યુંછે કે ૯ ઓક્ટોબરના રોજ બનાસકાંઠાના થરાદથી સવારે ૧૦ કલાકે યાત્રા પ્રારંભ થશે. થરાદથી ધાનેરા, ડીસા, પાલનપુર, વડગામ અને ખેરાલુ થઈ સાંજે ૬ કલાકે યાત્રા સિદ્ધપુર ખાતે પહોંચશે.

## વિજયનગરના અમોદરા ગામે મારામારીમાં ગંભીર વૃદ્ધ સારવાર હેઠળ

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અમોદરા ગામે સોમવારના રોજ સવારના ૯ વાગ્યાના સુમારે ગામના સોમાજી મોડિયાને ગામની સીમમાં તેમના ખેતરમાં બોરની જોડે મકાનની બહાર કોઈએ મારામારી કરેલ જેમાં સોમાજીને શરીરે ગંભીર ઈજાઓ થતાં વિજયનગર સરકારી દવાખાને લઈ ગયેલ જયાંથી વધુ સારવાર માટે ૧૦.૨૦ના સમયે હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હિંમતનગર ટાઉન પોલીસ મથકેથી જાણવા મળેલ કે આ અંગે મેડીસ્ટારના ડીરેકટર ચિરાગ પંચાલે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## જીટીયુમાં દિવાળી વેકેશન ૧થી૨૦ ડિસેમ્બર સુધી

અમદાવાદ, તા. ૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના તમામ ડીનની આવતીકાલે મળનારી બેઠકમાં વિધાનસભાની ચૂંટણીને લઈને એકેડેમીક કેલેન્ડર અને પરીક્ષાની કામગીરી અંગે ચર્ચા વિચારણા થશે. જેમાં દિવાળી વેકેશન પહેલી ડિસેમ્બરથી આપવાનો નિર્ણય કરાશે.

આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં દર વખતની જેમ આ વખતે પણ સરકારી બિલ્ડીંગનો ઉપયોગ થશે. ખાસ કરીને સરકારી એન્જિનિયરીંગ કોલેજના બિલ્ડીંગનો વધુ ઉપયોગ થાય છે.

જેને ધ્યાનમાં રાખી આવતીકાલ જીટીયુના કુલપતિની અધ્યક્ષતામાં આવતીકાલે બેઠક મળશે. જેમાં કુલ ૨૪માંથી ૨૨ ડીન ઉપસ્થિત રહેશે. બેઠકમાં વિધાનસભાની ચૂંટણીના પગલે એકેડેમીક કેલેન્ડરમાં ફેરફાર કરવા માટેની ચર્ચા-વિચારણા હાથ ધરાશે.



કોંગ્રેસ સત્તા પર આવશે તો ગામડામાં બહેનોને ૧૦૦ વારનો પ્લોટ આપશે. આ યોજનાના ફોર્મ સ્વીકારવા દહેગામમાં સમારોહ યોજાયો હતો. જેને પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ સંબોધન કર્યું હતું.

# બહેનોને ઘર મળી રહે તેને કોંગ્રેસ પ્રાથમિકતા આપશે

## કોંગ્રેસ દ્વારા પ્લોટની યોજનાના ફોર્મ સ્વીકારાયા : મુખ્યપ્રધાનનુ વૈભવી જીવન અને જેટ વિમાન સિવાય ફાવતું નથી,રોજનો ખર્ચ ૧૦ કરોડ રૂપિયા : મોઢવાડિયા

અમદાવાદ, તા. ૮

કોંગ્રેસની સરકાર ગુજરાતમાં સત્તા પર આવશે તો સૌ પ્રથમ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઘરવિહોણી બહેનોને પોતાનું ઘર મળી રહે તે માટે તેને પ્રાથમિકતા આપી સત્વરે કાર્યવાહી કરી અમલ કરશે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહિણીના નામે ૧૦૦ વારના પ્લોટ આપવાની યોજનાના ફોર્મ સ્વીકારવાના દહેગામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું.

તેમણે નરેન્દ્ર મોદી સરકાર સામે પ્રહારો કરતાં જણાવ્યુંહતુંકે, ભાજપની સરકારે ટાટાને રૂપિયા ૩૩૦૦૦ કરોડ અને એસ્સારને રૂપિયા ૯૧૦૦ કરોડની સહાય કરી છે અને તે પણ વગર વ્યાજે લોન આપીન કરી છે. ભાજપની સરકાર ખાતર પર ટેક્સ વસુલે છે. પેટ્રોલ-ડીઝલ પરનો વેટ ઓછો કરતી નથી. ગૌચરની જમીનો લેન્ડ કમિટીને પૂછ્યા વિના એકદમ સસ્તા ભાવે ઉદ્યોગપતિઓને લહાણી કરી દીધી છે. ગ્રામ્ય વિસ્તારની પ્રજા ભારે હાલાકી ભોગવી રહી છે. ભાજપ સરકારને બદલવા હાકલ કરી હતી.

મુખ્યમંત્રીની વૈભવી જીવન સ્ટાઈલનો ઉલ્લેખ કરતાં મોઢવાડિયાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીને અત્યારે જેટ વિમાન સિવાય ફાવતું નથી. રોજના રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ મુખ્યમંત્રી પાછળ થાય છે એટલે અત્યાર સુધીમાં રૂપિયા ૪૦ હજાર કરોડથી વધારે ખર્ચ થયો છે. વૈભવી સ્ટાઈલમાં જીવન ગુજારવા અને ઉદ્યોગપતિઓ સાથેની મડાગાંઠમાં મશગૂલ બની ગયેલા મુખ્યમંત્રી ગુજરાતની પ્રજાને ભૂલી ગયા છે.

## કોંગ્રેસના યુવા નેતાઓ પ્રચાર માટે ગુજરાત આવશે

અમદાવાદ, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણીમાં પ્રચાર કાર્યને વેગવાન બનાવવા અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને ચૂંટણી પ્રચારમાં જોડાવવા માટે આમંત્રણ આપવા તેમજ ઉમેદવારોની પસંદગી અંગે સ્ક્રુટીની કમિટીમાં હાજરી આપવા આજે રાત્રે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલા દિલ્હી જવા રવાના થયા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં યુવા મતદારો સૌથી વધુ છે એટલે કોંગ્રેસના યુવા નેતાઓને ચૂંટણી પ્રચારમાં જોડાવવા માટે આમંત્રણ આપવા પ્રદેશ કોંગ્રેસ નેતાઓ દિલ્હી ગયા છે. દિલ્હીમાં આવતીકાલે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી, કેન્દ્રીયમંત્રીઓ સચીન પાયલોટ, જ્યોતિરાદિત્ય સિંધીયા સહિત યુવા નેતાઓને મળીને ગુજરાતમાં પ્રચાર માટેની તારીખો મેળવશે. ત્યાર બાદ તા. ૧૦મી ઓક્ટોબરના રોજ ઉમેદવારોની પસંદગી માટેની ખાનગી સ્ક્રુટીની કમિટીમાં પ્રદેશના ત્રણેય નેતાઓ હાજરી આપીને ચર્ચા કરશે.

## ભવ્ય ગુજરાતનું નિર્માણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યુંહતુંકે ૨૦૦૯માં એક કરોડ યુવાનોને નોકરી આપવાની વાતો કોંગ્રેસે કરી હતી પણ કેટલાને નોકરી આપી ? તેમણે કહ્યુંહતું કે કોંગ્રેસની ગળથૂથીમાં જ છેતરપીંડી રહેલી છે એટલે દરરોજ સવારે નવી વાતો કરે છે અને પ્રજા સાથે છેતરપીંડી કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતની સમૃધ્ધિ જોઈ છે એટલે આ કોંગ્રેસીઓની લાળ ટપકી છે કે ગુજરાતમાં જવા જેવું છે પરંતુ હવે મતદારોએ ઝાંસીની રાણીની જેમ ગર્જના કરી કહી દેવું પડશે કે હમારા ગુજરાત નહીં દેંગે.

મુખ્યમંત્રીશ્રીએ તેમના ટુંકા સંબોધન દરમિયાન કોંગ્રેસ પર કરેલા આકરા પ્રહારો પ્રશ્નોના રૂપે કર્યા હતા.

ચિલોડા ખાતે શ્રી પુરૂષોત્તમ રૂપાલા, શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરા, જિલ્લા પ્રમુખ શંકુતલાબેન પટેલ, સાંસદ હરિન પાઠક, લલિત યાદવ, રમેશભાઈ ચૌધરી, કોદરભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યા હતાં. ચિલોડાથી યાત્રા પાટનગરમાં પ્રવેશી હતી જયાં સે-૨૮ ગાર્ડન સર્કલ નજીક શહેર પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ, વિપક્ષી નેતા શ્રી મનુભાઈ પટેલ, કાઉન્સીલરો શ્રી આશિષ દવે, શ્રી કાર્તિક પટેલ શ્રી સુરેશ મહેતા, શ્રી રથવી, શ્રી મહિપતભાઈ, શ્રી કેસરીસિંહ વાઘેલા, શ્રી વિક્રમ પટેલ, શ્રી સીતારામભાઈ, શ્રી નરેશભાઈ પરમાર, શ્રી મુકેશ જાની, શ્રી અતુલ પટેલ, શ્રીમતી રમીલાબેન પરમાર, શ્રીમતી પરાગીબેન પંડયા, શ્રીમતી જાગૃતિબેન પુરોહિત, સત્યદીપસિંહ પરમાર, ઉરેન પટેલ, કેતન પટેલ, અશોક પટેલ (બોફોર્સ) સહિતના આગેવાનોએ સ્વાગત કર્યું હતું.

જયારે પેથાપુર ચાર રસ્તા ખાતે ખાદીબોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ નીતિન પટેલ, તા.પં.ના પ્રમુખશ્રી પોપટભાઈ પટેલ, શ્રી નટુભાઈ દરજી, શ્રી જયદીપસિંહ વાઘેલા, શ્રી રણજીતસિંહ વાઘેલા, શ્રી લાલભાઈ પટેલ, શ્રી જિતેન્દ્રસિંહ વાઘેલા, શ્રી રાજેન્દ્રસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, રામસિંહ વાઘેલા, અમૃતભાઈ પટેલ, રામભાઈ પ્રજાપતિ, શ્રી અરવિંદભાઈ અને શ્રી અરવિંદસિંહ વાઘેલાએ રથનુંસ્વાગત કર્યુંહતું.

# 'નમો સૌને ગમો' ગુજરાતી ફિલ્મ ટુંક સમયમાં રીલીઝ થશે

## ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ડુપ્લીકેટ લાલજીભાઈ દેવરીયા મુખ્ય ભૂમિકામાં ચમકશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ટુંક સમયમાં એક અનોખી ગુજરાતી ફિલ્મ રજુ થવાની છે. નમો સૌને ગમો નામની આ ફિલ્મમાં ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના ડુપ્લીકેટ ભૂમિકા ભજવશે.

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા 'નમો સૌને ગમો' નામની ગુજરાતી ફિલ્મ રજુ કરવામાં આવશે. ગુજરાતની ચૂંટણી અત્યારથી જ દેશ આખામાં રાજકીય



પંડિતોની સાથે સાથે સામાન્ય નાગરિકોમાં પણ ચર્ચાનો વિષય બની છે ત્યારે બાજ મુવી ક્રિએશન દ્વારા એક ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'નમો સૌને ગમો' નામની આ ફિલ્મના નિર્માતા યોગેશ બાજ અને દિગ્દર્શક કે. અમર (ડેની) છે. ફિલ્મ અંગે આ બંનેએ કોઈ ફોડ પાડ્યો નથી. પરંતુ રાજકીય છાંટ સાથે આ એક સંપુર્ણ મનોરંજક ફિલ્મ હશે. ફિલ્મમાં ગુજરાત અને મહારાષ્ટ્રના રંગભૂમિના નવા કલાકારો જોવા મળશે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર નરેન્દ્ર મોદીની ભુમિકામાં ગાંધીધામના લાલજીભાઈ દેવરીયા જોવા મળશે. ફિલ્મમાં તેમણે મોદીના ગેટઅપ અને સ્ટાઈલમાં અનોખી જમાવટ કરી છે. ફિલ્મમાં કોઈ હિરોઈન કે ગીત સંગીત નથી. ફિલ્મનું મોટાભાગનું શુટીંગ આણંદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મના કેટલાક દશ્યો અને સંવાદો એટલી હદે વાસ્તવિક રજુ કરાયા છે, કે, તેના પર સેન્સર બોર્ડની કાતર ફરશે તેવું જણાય છે. હાલ આ ફિલ્મનું પોસ્ટ પ્રોડકશનનું કાર્ય ચાલી રહ્યું છે. નવેમ્બર પછી ગમે ત્યારે આ ફિલ્મ રીલીઝ કરવામાં આવશે. ફિલ્મમાં મુખ્ય પાંચ કેરેક્ટર છે જે તમામ પાત્રો મુસ્લિમ છે. ફિલ્મના પાત્રો માટે કોઈ મેકઅપ કરવામાં આવ્યો નથી. કોઈ સ્ટુડિયોમાં શુટીંગ કરવામાં આવ્યું નથી. રિયલ લોકેશનનો ઉપયોગ કરાયે છે. ફિલ્મની વાર્તા ગુજરાતના રાજકારણ પર આધારિત છે. ફિલ્મમાં કોઈ સામાજીક સંદેશો કે સલાહ-સુચન અપાયા નથી. સંપૂર્ણ મનોરંજન માટે આ ફિલ્મ બનાવાઈ છે. ફિલ્મમાં લાલજીભાઈ નરેન્દ્ર મોદીની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. નમો સૌને ગમો ફિલ્મ અલગ એટલા માટે છે કે તેના નામ પરથી જ મુંજવણ ઉભી થાય છે. નમો એટલે નરેન્દ્ર મોદી એવો અર્થ નીકળે ઉપરાંત નમે એ સૌને ગમે તેવો અર્થ પણ નીકળી શકે. ફિલ્મમાં ખરેખર કઈ થીમ છે તે તો ફિલ્મ જોયા બાદ જ ખબર પડશે. ફિલ્મના દિગ્દર્શક કે. અમરે (ડેની)એ એક વાતચીતમાં જણાવ્યું કે આ ફિલ્મ બનાવતા પહેલા અમે તેની સ્ક્રિપ્ટ મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને વંચાવી હતી. તેમણે તે ફટાફટ મંજુર રાખી હતી. હવે જ્યારે ફિલ્મ પુર્ણતાના આરે છે ત્યારે અમે તેનું ખાસ સ્ક્રીનીંગ મુખ્ય પ્રધાન માટે રાખવા ઈચ્છીએ છીએ. અલગ પ્રકારની આ ફિલ્મમાં બને તેટલી વાસ્તવિકતા રજુ કરવાનો પ્રયાસ કરાયો છે. આ ફિલ્મમાં ગુજરાત, મહારાષ્ટ્રના જે સ્ટેજ આર્ટીસ્ટોએ ભાગ લીધો છે તેમાં શરદ શર્મા, કિર્તીમાન, અનિરૂદ્ધ, વંદના સરવૈયા, જાગૃતિ ગોસ્વામી, જય ચૌધરી, વિજય પાદખીયા, હરિભાઈ ગઢવી, નીતિન ઘેલાણી, અશ્વિન ભુતાણી વગેરેનો સમાવેશ થાય છે. ફિલ્મમાં ગુજરાત અને ગુજરાતના રાજકારણની બાબત દર્શાવવામાં આવી છે.

## યુવા વિકાસયાત્રા બાદ હવે ભાજપ દ્વારા રાજ્યમાં સંમેલનો યોજાશે

ગાંધીનગર, તા. ૮

ભાજપ દ્વારા શરૂ કરવામાં આવેલ યુવા વિકાસયાત્રા ૧૧મીએ પૂર્ણ થયા બાદ હવે રાજ્યમાં સંમેલનોનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ગુજરાત ભાજપ દ્વારા ઉત્તર ગુજરાતના બેચરાજી ખાતેથી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા શરૂ કરવામાં આવી હતી. ગત મહીને બહુચરાજીથી નીકળેલી આ યાત્રા રાજ્યના ૧૮૨ વિધાનસભા મત વિસ્તારોમાં ફરી હતી.

યુવા વિકાસ યાત્રા દ્વારા ભાજપે આગામી ચૂંટણીમાં યુવાનોને ભાજપ તરફ આકર્ષવા માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો અને તેમાં ભાજપને ધારી એવી સફળતા પણ મળવા પામી છે. યુવા વિકાસ યાત્રા તેના અંતિમ ચરણમાં પહોંચી છે. આગામી ૧૧મી ઓક્ટોબરના રોજ યુવા વિકાસ યાત્રા પૂર્ણ થનારી છે. આ દિવસે છેલ્લી ચાર જનસભાઓને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સંબોધનાર છે.

૧૧મીએ યુવા વિકાસ યાત્રાનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભાજપ દ્વારા આગામી દિવસોમાં રાજ્યના તમામ વિધાનસભા મત વિસ્તારોમાં જ્ઞાતિવાર સંમેલનો શરૂ કરનાર છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાના સંમેલનો તેમજ મત વિસ્તાર દીઠ ગ્રુપ બેઠકોના કાર્યક્રમો પણ હાથ ધરવા માટેનું આયોજન ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. ભાજપ દ્વારા સંમેલનો દ્વારા લોકસંપર્ક સાધવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## કોંગ્રેસ ટિકીટ આપે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે, આજે જે જે લોકો ભુતકાળમાં હારી ગયા છે અને ક્યારેય જીતવાના નથી તે લોકો કોંગ્રેસના ઉમેદવાર નક્કી કરવા બેઠા જે કોંગ્રેસ માટે દુઃખદ બાબત છે. જો આમ જ ચાલશે તો ૨૦૧૨માં કોંગ્રેસની જે સીટો છે તેમાંથી પણ ઓછી થાય એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આજે સત્તા નથી તો પણ કાર્યકરોને મળવા માટે નેતાઓ જજની જેમ મુદતો પાડે છે. તે દુઃખદ છે. ગાંધીનગર જિલ્લાના લોકલ કાર્યકરોએ હંમેશા સહન કરવું પડ્યું છે, પરંતુ હવે અન્યાય સહન કરવામાં નહી આવે. જરૂર પડે ન્યાય માટે ઉગ્ર લડત આપવામાં આવશે.

## કામગીરી ખોરંભે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ


ચોમાસા દરમિયાન તળાવમાં પાણીનો ભરાવો થાય ત્યારે સ્થિતિનું નિરિક્ષણ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ લાંબા સમયના અંતે પણ તળાવ વિકાસની યોજના પૂર્ણરૂપે સાકાર થઈ નથી. છેલ્લા કેટલાક સમયથી પાટનગર યોજના ભવનનું જવાબદારતંત્ર પણ ચાર્જમાં હોવાથી તળાવ વિકાસની કામગીરીમાં વિશેષ પ્રગતિ થઈ ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. તળાવ ફરતે સ્ટેચ્યુ મુકવાના મામલે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. જયારે ફૂડકોર્ટ બનાવવાની દરખાસ્ત અંગે પણ વિભાગ કક્ષાએથી મંજૂરી ન અપાતા આખરી તબક્કાની કામગીરી ખોરંભે પડી છે.

## કામ અટવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયો છે. જેમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપરાંત અન્ડરગ્રાઉન્ડ સંપ, ઓવરહેડ ટાંકી તેમજ પમ્પીંગ મશીનરી અને પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અન્વયે પ્રથમ તબક્કામાં શહેરના અન્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કની હરીયાળી જાળવવા પાણીની જરૂરિયાત સંતોષવા અગ્રતા આપવામાં આવી છે. જેને અનુલક્ષી ટ્રીટમેન્ટ પ્લાનથી સ્વર્ણિમપાર્ક સુધી પાઈપલાઈનનું કામ હાથ ધરવાનું આયોજન પણ આખરી કરી દેવાયું છે. પરંતુ આ કામગીરી દરમિયાન ૧૫૦ થી વધુ વૃક્ષોનું નિકંદન વળે તેમ હોવાથી આ મામલે પાટનગર યોજના વિભાગ દ્વારા વનવિભાગની મંજુરી લેવા દરખાસ્ત પણ કરી દેવાઈ છે. પરંતુ લાંબા સમયના અંતે પણ વન વિભાગ દ્વારા આ દરખાસ્તને મંજુરી ન અપાતા પાઈપલાઈનનું કામ અટવાયું છે. જેના પરિણામે સ્વર્ણિમ પાર્કને પાણી પુરૂ પાડવાની કાર્યયોજનામાં અવરોધ ઉભો થયો છે.

## શબ્દાવલી - ૪૮૬૫



**આડી ચાવી**

| | | |
|---|---|---|
| ૧. | હેરાન કરવું, રીબાવવું | (૫) |
| ૪. | ખારૂં... જેવું | (૨) |
| ૬. | વાળની સેર | (૨) |
| ૭. | સરસ | (૩) |
| ૮. | કસરત, પરેડ | (૪) |
| ૯. | લાઈન, પ્રવાહ | (૪) |
| ૧૧. | ઝરણુ, આખડી | (૨) |
| ૧૨. | માનતા, આખડી | (૨) |
| ૧૪. | વજન | (૨) |
| ૧૫. | માહ્ય, બહારનું વિરોધી | (૩) |
| ૧૬. | રસોઈની વિવિધતા | (૩) |
| ૧૭. | રીંગણનું ભરતું કે ભરત | (૨) |
| ૧૮. | ઝીણો તાવ | (૪) |

**ઊભી ચાવી**

| | | |
|---|---|---|
| ૧. | ચોરી, ઉઠાંતરી | (૪) |
| ૨. | પાલના કરનાર | (૫) |
| ૩. | મોભો | (૨) |
| ૪. | ઉગવું તે | (૪) |
| ૫. | હોડ બકવી, ... લગાવવી | (૩) |
| ૭. | મૃત વ્યક્તિ પાછળ કરાતી એક વિધિ | (૩) |
| ૮. | આવક | (૩) |
| ૧૦. | મોકલવું તે | (૪) |
| ૧૧. | વતાકાર, ઉમેરવું | (૪) |
| ૧૨. | ઓછું કરવું, ... કરવું | (૨) |
| ૧૩. | તીક્ષ્ણ ધારવાળું | (૪) |
| ૧૫. | અન્ન-જળ | (૩) |

**શબ્દાવલી ૪૮૬૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) વિદાય (૩) ધાક (૬) તીડીમાર (૮) દાડમડી (૧૦) વસાણુ (૧૧) ટીકીટ (૧૨) વાણુ (૧૩) ખાર (૧૫) દાદાગીરી (૧૮) દમન (૨૦) ચકચાર (૨૧) તારવણી

**ઊભી ચાવી :-** (૧) વિપદા (૨) યતીમ (૩) ધામા (૪) કરવટ (૫) ચવાણુ (૭) ડીડીટી (૯) ડફણું (૧૨) વાગદત્તા (૧૪) રબારણ (૧૫) દાનવ (૧૬) ગીચ (૧૭) રીકબે (૧૯) મર